Vibrant 11-13 Jan.
GUJARAT 2015
The Global Business Hub | 7th Global Summit

ક્રમાંક/ડીએ/હેડલાઇટ/પીળોપટ્ટો/જીએમવીઆર(૨૦૨/(૨) ૧૦૯૬
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૬
બીજે માળ, સચિવાલય, ગાંધીનગર.
તા. -૨-૨૦૧૫.

11 FEB 2015.

**તાત્કાલીક/અગત્યનું.**

પ્ર તિ,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી,

--------------------.

વિષયઃ-ટ્રાન્સપોર્ટ વાહનોની હેડલાઇટને પીળોપટ્ટો કરવાની જોગવાઇ રદ્દ કરવા બાબત.
સંદર્ભઃ- (૧) અત્રેની કચેરીના નોટીફીકેશન નં.આરએન્ડડી-જીએમવીઆર-૨૦૨(૨), તા.૧૩-૧૨-૯૬.
(૨) અત્રેની કચેરીના પત્ર નં.ડીએ-હેડલાઇટ-પીળોપટ્ટો-ચેકીંગ-૧૨૨૮૨, તા.૧૭-૧૨-૯૬.
(૩) અત્રેની કચેરીના નોટીફીકેશન નં.એમવીપી-જીએમવીઆર-૨૦૨(૨) ૪૮૦,તા.૨૧-૧-૧૫.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ-૧ નાં જાહેરનામાથી ટુ વ્હીલર અને થ્રી વ્હીલર વાહનો સિવાયનાં વાહનોનાં હેડલાઇટ પર પીળોપટ્ટો તેમજ કાળા ટપકા લગાવવાની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે અન્વયે અત્રેની કચેરીએથી સંદર્ભ-૨ થી રાજયની તમામ આરટીઓ/એઆરટીઓ કચેરીને આ જોગવાઇનો અમલ કરવા બાબતે સૂચના આપવામાં આવેલ હતી. કેન્દ્રીય મોટર વાહન નિયમો,૧૯૮૯ માં થયેલા અદ્યતન સુધારા, કેન્દ્ર સરકારશ્રીનો અભિપ્રાય, પોલીસ ખાતાનો અભિપ્રાય તથા આધુનિક ટેકનોલોજીની પરિસ્થિતિ લક્ષમાં લઇ કાળજી પૂર્વકની વિચારણાના અંતે આ જોગવાઇઓ સંદર્ભ-૩ નાં જાહેરનામા તા.૨૧-૧-૧૫ થી રદ્દ કરવામાં આવે છે. (નકલ સામેલ છે)

ઉક્ત જાહેરનામાનો તાત્કાલીક અસરથી અમલ કરવાનો રહેશે. આથી ટ્રાન્સપોર્ટ વાહનની હેડલાઇટ પર પીળો પટ્ટો અને કાળા ટપકા બાબતે ગુન્હો નોંધવાનો રહેશે નહીં.

નોંધ પર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાનાઃ- પ્ર તિ,

(૧) અધિક પોલીસ મહાનિર્દેશક, (કાયદો અને વ્યવસ્થા) પોલીસ ભવન, ગાંધીનગરને જાણ સારુ.
(૨) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ૨, સરદાર પટેલ ભવન, ૯ મો માળ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.
(૩) અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ, અમદાવાદને જાણ તેમજ તેઓના સભ્યોને આ જાહેરનામાથી વાકેફ કરવા સારુ.

:પુરબિયા:૪૯:૨૮૫:

Akhil Gujarat Truck Transport Association
D> 16-2-15